ડીસામાં ઝરમરીયા વરસાદનો આરંભ : ઠેર ઠેર પાણી ભરાયાં

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૮

ડીસા પંથકમાં ઝરમરીયા વરસાદનો પ્રારંભ થતાં ઠેર ઠેર પાણી ભરાયા છે. બુધવારે સવારથી માંડી રાત સુધી સામાન્ય વરસાદ યથાવત રહેવા પામ્યો હતો. ત્યારે અત્યારે નગરપાલિકા દ્વારા કેટલીક જગ્યાએ તુટેલા રોડમાં થીગડા મારવાની કાર્યવાહી ચાલુ છે. જેમાં રાજપુર રોડ અને બગીચા પાસે મેન્ટલ તેમજ નાની ભૂકી નાખવામાં આવતા વરસાદના કારણે કાદવકીચડ સર્જાયો છે. વરસાદ શરૂ થયા બાદ તેના પર વાહનો પસાર થતાં બાજરીનો આટો પાથર્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને આજુબાજુના વેપારીઓ પરેસાની વેઠી રહ્યા છે.

લોકોમાં ચાલતી ચર્ચાઓ મુજબ ડીસા પાલિકાના તમામ કામો ગોકળગતિએ ચાલે છે. કામ શરૂ કરાયા બાદ દિવસો સુધી પુરા કરાતા નથી. એટલે લોકોને હાલાકી ભોગવવી પડે છે. જેમાં તુટેલા રોડને થીગડા મારવાના કામો પણ ઘણા સમયથી ચાલુ હોવા છતાં સમયસર પૂર્ણ ન થતાં લોકોને ચોમાસાના સમયે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. કેમ કે અત્યારે શહેરમાં ઝરમરીયો વરસાદ શરૂ થઈ ગયો છે ત્યારે કાદવકીચડ સર્જાયો છે અને વરસાદ અટક્યા બાદ જ આગળનું કામકાજ થાય ત્યાં સુધી લોકોને હેરાનગતિ સહન કરવી પડશે.

પાલનપુરમાં નજીવી બાબતે બે કોમો વચ્ચે જૂથ અથડામણ : સાતની અટકાયત

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૮

હાલમાં હિન્દુ ધર્મના પવિત્ર એવા શ્રાવણ માસ અને મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે ગજરોજ પાલનપુરના નાની બજાર વિસ્તારમાં મોડી સાંજે બે કોમો વચ્ચે નજીવી બાબતે કોમી હિંસા ફાટી નીકળી હતી. જેને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલીનો માહોલ સર્જાયો હતો અને પોલીસે આ મામલે સતર્કતા દાખવી સમગ્ર હિંસાને કાબુમાં લઈ કુલ ૮ ઈસમોની અટકાયત કરી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પાલનપુર શહેરના નાની બજાર વિસ્તારના કમાલપુરામાં રહેતો લઘુમતી કોમનો એક કિશોર અને હિન્દુ કોમના એક યુવાન માર્ગમાં અથડાતા બન્ને વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થઈ હતી અને થોડી જ વારમાં મામલો બિચકતા ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. જેથી હૂમલામાં પ્રકાશ ખત્રી અને તૌફીક જબ્બારભાઈ મેમણને માથાના અને છાતીના ભાગે ઈજાઓ થવા પામી હતી. જેઓને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ જૂથ અથડામણની જાણ પોલીસને થતા પોલીસે ઘટનાસ્થળે આવી સમગ્ર મામલો કાબુમાં લઈ ટોળાને વિખેરવા મોડીરાત સુધી ભારે મથામણ કરી હતી.

જેમાં ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસ જવાનોને પણ ઈજાઓ થવા પામી હતી. ઉપરાંત દિલ્હી ગેટ નજીકથી પસાર થતી એક રિક્ષાને ટોળાએ અટકાવી તોડફોડ કરી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યો હતો. આમ આ ઘટનાને પગલે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં બોર્ડર વિગના જવાનોનો કાફલો ખડકી દેવાયો હતો અને સમગ્ર ઘટના પર કાબુ મેળવ્યો હતો.

આ સમગ્ર મામલે શહેર પોલીસે જબ્બાર રસુલ મેમણ, મોહસીન જબ્બાર મેમણ, સલીમ જબ્બાર મેમણ, તૌફીક, યાસીન, ઘનશ્યામભાઈ વર્મા, પ્રિયંક ઘનસ્યામ વર્મા અને તુષાર નામના ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ સમગ્ર વિસ્તારની સ્થિતિ કાબુમાં છે.

હિંમતનગરની એચ.ડી.એફ.સી. બેંક સાથે ૧૩ લાખની છેતરપીંડી કરનારો મુંબઈથી પકડાયો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરમાં આવેલ એચ.ડી.એફ.સી. બેંક સાથે અઢી માસ પહેલા ૧૩ લાખની છેતરપીંડી કરનારા ઈસમને હિંમતનગર પોલીસ મુંબઈથી બુધવારના રોજ પકડી લાવી હતી.

વિગત મુજબ મહારાષ્ટ્રના ભીંવડીની એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા શાખાએ ચેક નંબર - ૮૩૨૪૧૭ રૂ. ૧૦ હજારનો ચેક બોમ્બેના યુવરાજ ભીમરાવ કામ્બલેને તા. ૨૮-૪-૧૨ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ જે ચેક મુંબઈમાં ભાયંદર થાનેના માણીભદ્રનગર વિસ્તારમાં સાઈબાબા હોસ્પિટલની પાછળ ઈશા એપાર્ટમેન્ટ વિંગ-૧૦૭માં રહેતા દીગેશ સુભાસ આચાર્ય પાસે કોઈ પણ રીતે આવી જતા તેને ચેકમાં યુવરાજ ભીમરાવ કામ્બલેની જગ્યાએ પોતાનું નામ, રૂ. ૧૦ હજારની જગ્યાએ રૂ. ૧૩ લાખ ૧૭ હજાર અને શબ્દોમાં પણ રકમ ટાઈપ કરી બદલી નાંખી અસલ ચેક સાથે ફેરફાર કરી તે ચેક હિંમતનગર આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં પોતાના ખાતામાં નાખતા એચ.ડી.એફ.સી. બેંક હિંમતનગર શાખાએ ક્લીયર કરતા દીગેશ સુભાસ આચાર્ય પોતાના ખાતામાં રકમ આવી જતા તેને બોમ્બેમાં અલગ બેંકમાંથી તમામ રકમ ઉપાડી લઈ ગયેલ. આ અંગે હિંમતનગર એચ.ડી.એફ.સી. શાખાના બેંક મેનેજર જીગરકુમાર ચતુરભાઈ પટેલે હિંમતનગર ટાઉન પોલીસમથકે દીગેશ સુભાસ આચાર્ય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ છેતરપીંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન મુંબઈમાં અંબોલી જોગેશ્વરી પોલીસમથકે નોંધાયેલ છેતરપીંડીના ગુનામાં મુંબઈ પોલીસના હાથે ઉજ્જી ઓગષ્ટના રોજ દીગેશ સુભાસ આચાર્યને પકડી પાડ્યો હતો. જે અંગે સાબરકાંઠા પોલીસને મુંબઈ પોલીસ જાણ કરી હતી. જેથી હિંમતનગર પોલીસ મુંબઈ જઈને પકડાયેલ દીગેશ સુભાસ આચાર્યને ટ્રાન્સફર વોરંટથી બુધવારના રોજ હિંમતનગર લાવ્યા હતા અને તેની ધરપકડ કરી હતી. હવે રિમાન્ડ માટે રજુ કરવાની તજવીજ હાથ ધરી હતી.

ખેરાલુ કોલેજમાં સમરસતા શિબિર યોજાઈ

ખેરાલુ, તા. ૮

ખેરાલુ કોલેજમાં સમાજના વંચિતોના ઉત્થાન, માનવ વિકાસ, શૈક્ષણિક આર્થિક પ્રક્રિયાને વેગ આપવા માટે પ્રા. કેશુભાઈ દેસાઈ વિદ્યા સંકુલના સભાગૃહમાં ખેરાલુ પંથકના ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓ- વાલીઓનો એક શિબિર અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાના મુખ્ય મહેમાન પદે શિબિરાધિપતિ મોહનભાઈ દેસાઈની હાજરીમાં યોજાઈ હતી. સ્વાગત મોહનભાઈ દેસાઈ કર્યું હતું.

શિબિરમાં પછાત વર્ગ કલ્યાણ અધિકારી એન. કે. શ્રીમાળી, એસ. જે. પટેલે શિબિરમાં યોજનાઓની માહિતી આપી હતી. આભારવિધિ ખેરાલુ તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોવિંદભાઈ શ્રીમાળીએ કરી હતી.

ઊંઝામાં છ દુકાનનાં તાળા તૂટયાં

૧,૧૭,૫૦૦ની ચોરી, વેપારી આલમમાં ક્કળાટ

ઊંઝા, તા.૮

ઊંઝા શહેરમાં થોડા સમયના વિરામ બાદ પુનઃ ઘરફોડ અને વાહનચોરીઓના બનાવો બનતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે. ગત રાત્રે શહેરના મુખ્ય સ્ટેશન રોડ પર આવેલ તિરૂપતિ કોમ્પ્લેક્ષમાં આવેલ છ વેપારી પેઢીઓના મકાનોનાં તસ્કરોએ તાળા તોડી અંદરથી રોકડ રકમ, લેપટોપ, મોબાઈલ ફોન અને ચાંદીના સિક્કા મળી કુલ ૧,૧૭,૫૦૦ની મત્તાની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનતા વેપારી વર્ગ ચિંતાતુર બન્યો છે.

મળતી માહિતી મુજબ ઊંઝા શહરમાં ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, કેબલચોરીઓ, ચેઈન સ્નેચીંગના ઉપરા છાપરી ગુનાઓ બનતાં પોલીસની નિષ્ક્રિયતા સામે ભારે રોષની લાગણી ફેલાઈ હતી. આ મુદ્દે રેન્જ આઈ.જી. તથા જિલ્લા પોલીસ વડાએ મિલકત વિરૂધ્ધ ના ગંભીર ગુનાઓને અટકાવવા માટે સઘન પોલીસ પેટ્રોલિંગ, નાકાબંધી અને વાહન ચેકિંગ કરવાનો આદેશ કર્યો હતો. જેના પગલે આવા ગુનાઓનું પ્રમાણ ઘટયું હતું. પરંતુ હમણાંથી કોણ જાણે કેમ પોલીસની નિષ્ક્રિયતા યા ગુનેગાર તત્વોની સક્રિયતાને કારણે તસ્કરોએ પુનઃ માથુ ઉચકયું છે.

જે દુકાનના તાળાં તૂટયા તે દુકાનદારની યાદી

- ઈસાન નીતિનભાઈ પટેલની પેઢીમાં ૨૪,૦૦૦ની રોકડ રકમ
- બાલાજી એન્ટરપ્રાઈઝ ૩૫,૦૦૦ની રોકડ રકમ તથા એક લેપટોપ
- કે.બી. પટેલ એન્ડ કું. ૫૦૦ રૂપિયાની કિંમતના ચાંદીના બે સિક્કા
- મેસર્સ વસંતલાલ મોહનલાલ ૧૪,૦૦૦ રોકડ રકમ અને ૫૦૦ની કિંમતના બે ચાંદીના સિક્કા
- પટેલ પારસકુમાર બાબુલાલ ત્રણ મોબાઈલ ફોન
- કપિલ એન્ટરપ્રાઈઝ ૧૨,૦૦૦ની રોકડ રકમની ચોરીનો સમાવેશ થાય છે.

તાજેતરમાં શહેરના ઐઠોર ચોકડી પરથી ૧૮ લાખની કિંમતના ડમ્પરની ચોરી થવા પામી હતી. ત્યારબાદ ગઈ રાત્રે શહેરના મુખ્ય સ્ટેશન રોડ પર આવેલ તિરૂપતિ કોમ્પ્લેક્ષમાં તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરોએ છ વેપારી પેઢીઓના મકાનોના તાળા તોડી અંદર પ્રવેશી ૮૫ હજારની રોકડ રકમ લેપટોપ ચાંદીના સિક્કા તેમજ મોબાઈલ ફોન મળી કુલ ૧,૧૭,૫૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી હતી.

આ બનાવ અંગે પટેલ નિતિનભાઈ કાન્તિલાલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા ગામને જોડતા મુખ્ય માર્ગની મરામત માટે ૨૮ કરોડ મંજૂર થયા

લક્ષ્મીપુરા, તા.૮

સાબરકાંઠાના ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા ગામને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે અને રાહદારીઓ તથા વાહન ચાલકોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. જેને લઈ ગ્રામજનો અને જિલ્લાના સાંસદની રજૂઆત તથા ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે આ માર્ગના સમારકામ માટે માર્ગ અને મકાન મંત્રીએ ૨૮ કરોડ રૂપિયાની એસ્ટીમેટ રકમ મંજુર કરી છે.

મળતી માહિતી મુજબ ખેડબ્રહ્મા થી લક્ષ્મીપુરા આંતરસુબાના મુખ્ય માર્ગપર દરરોજ પુષ્કળ પ્રમાણમાં મોટા વાહનો, લોડેડ ટ્રકો સહિત નાના વાહનોની અવરજવર રહે છે. જેથી ભારે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાય છે તેમજ વાહનોની હાલત પણ બિસ્માર બની છે. આમ આથી ગ્રામજનોએ અનેકવાર તંત્ર સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત પણ કરી હતી ઉપરાંત જિલ્લાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, માજી ધારાસભ્ય રમીલાબેન બારા અને કિસાન સંઘ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી જે અંગેના તમામ અહેવાલ ગાંધીનગર સમાચાર પત્રમાં રજૂ થતા આ મામલે માર્ગ અને મકાન મંત્રી આનંદીબેન પટેલે પ્રત્યક્ષ કપોલ કંપાની મુલાકાત લઈ કુલ ૨૧ કિલોમીટરની લંબાઈ ધરાવતા આ માર્ગને સાત મીટર પહોળો કરવા અંદાજીત એસ્ટીમેટ રકમ રૂ. ૨૮ કરોડ મંજુર કરી છે.

પ્રાંતિજ શહેરના નાની ભાગોળ વિસ્તારના આંબલીવાંસમાં રહેતા સુરેશભાઈ ઈશ્વરભાઈ દેવીપૂજકના મકાનમાં ગતરોજ નાગપંચમીના દિવસે નાગદેવતાએ દર્શન દેતા ભક્તોના ટોળેટોળા દર્શન માટે ઉમટી પડ્યા હતા. શ્રદ્ધાળુ ભક્તોએ નાગદાદાને શ્રીફળ અને કુલેરનો પ્રસાદ ધર્યો હતો. આંબલીવાસમાં લોકોએ અબીલ ગુલાલ ઉડાડી ભક્તિમય વાતાવરણ સર્જી દીધુ હતુ. (તસવીર : સંજય રાવલ)

વિજયનગર લૂંટ પ્રકરણનો ચોથો આરોપી પકડાયો

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે ૨૭મી જુનના રોજ સાંજેના ૬.૩૦ વાગેના સુમારે વિજયનગરમાં જવેલર્સની દુકાન ધરાવતા ઈશ્વરભાઈ પંચાલ તેમના બે પુત્રો સાથે મારુતિમાં ચિતરીયા પોતાના ઘરે જઈ રહ્યા હતા દરમિયાન બલેતા ગામ નજીક આંતર્યો ઉભો કરી બે બાઈકો પર ચાર જણાએ આંખમાં મરચું નાંખી સોના ચાંદીનો જુના અને નવા દાગીના ભરેલા રૂ. ૯ લાખના થેલાની લુંટ કરી નાસી ગયેલ ત્યાર બાદ આ અંગે વિજયનગર પોલીસ મથકે લુંટની ફરિયાદ નોંધાયેલ અને જેની તપાસ વિજયનગર પોલીસ અને જિલ્લા લોકલ કાઈમ બ્રાંચના પી.આઈ. ડી.પી. ચુડાસમાની ટીમ સાથે કરી રહી હતી. દરમિયાન ભિલોડા તાલુકાના ચુનાખાણ અને કલ્યાણપુર ગામના બે શખ્સો ગણેશભાઈ બાબુભાઈ જોષીયારા અને વિનોદભાઈ દીતાભાઈ દામાને પકડી પાડી તેમની પાસેથી લુંટનો થેલો કબજે લીધો હતો અને ત્યાર બાદ બાકીના લુંટમાં સંડોવાયેલા ત્રણ આરોપીને પકડવા માટે શોધખોળ ચાલુ કરી હતી તે દરમિયાન ભિલોડાના પાદરા ગામના અનિલ માવજીભાઈ ભગોરાને પકડી પાડયો હતો અને લુંટના બાકીના બેમાંથી એક મહેસાણા જિલ્લાના જકાસણા ગામના વિક્રમ ઉર્ફે વિરમભાઈ હરિભાઈ પટેલને લોકલ કાઈમ બ્રાન્ચે બુધવારના રોજ પકડી પાડી વિજયનગર પોલીસને હવાલે કરેલ જયારે લુંટનો હજૂ એક આરોપી ભિલોડા તાલુકાના ચુનાખાણનો સંજયભાઈ બાબુભાઈ જોષીયારાને પકડવાનો બાકી છે તેની શોધખોળ ચાલુ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

ટચૂકડી જાહેર ખબર
બિઝનેસ કરવાની ઉત્તમ તક
નેચુરલ હેલ્થ પ્રોડેક્ટ્સમાં વિશ્વના સૌથી મોટા ઉત્પાદક અને વિક્રેતા જે તમને અન લીમિટેડ ઈનકમ કમાવવાની એક તક આપે છે.
પાર્ટ / ફુલ ટાઈમ
ફોન : ૯૪૨૮૫ ૯૭૯૩૦

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોક્સી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન